ગાંધીનગર સમાચાર

**ઉનાળુ સિઝનનું સાત હજાર હેક્ટરમાં વાવેતર**

## જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૫મી એપ્રિલથી મૂલ્યાંકન શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૫મી એપ્રિલથી પરીક્ષાઓ આરંભાશે અને તે ૨૨મી એપ્રિલ સુધી ચાલશે.

પરીક્ષા સમિતિની મળેલ બેઠકમાં પરીક્ષાની તારીખો અને કાર્યક્રમને આખરી ઓપ આપી દેવાયો છે. આ પરીક્ષાના આયોજન અંગે શાળાઓને પણ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવે તેવી સૂચનાઓ જારી કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ધો. ૩ થી ૫માં ૪૦ માર્કસનું મૂલ્યાંકન કરવામાં આવશે જ્યારે ૬ થી ૮માં ૮૦ માર્કસનું લેખિત મૂલ્યાંકન કરવામાં આવનાર છે. જિલ્લાના એક લાખથી વધુ બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવનાર છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યા પ્રમાણે સતત સર્વગ્રાહી મૂલ્યાંકન જે બાળકનું કરવામાં આવે છે તે પ્રથમવાર જિલ્લામાં ઓનલાઈન મૂલ્યાંકન થશે. આમ શિક્ષણ વિભાગ પણ એક નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવા જઈ રહેલ છે.

**સતત સર્વગ્રાહી મૂલ્યાંકન ઓનલાઈન કરવાનો ઐતહાસિક નિર્ણય**

શિક્ષણ સમિતિ દ્વારા ઓનલાઈન હાજરીની નવી પ્રથા દાખલ કરાયા બાદ હવે ઓનલાઈન મૂલ્યાંકન પ્રથા અમલી બનાશે જેનાથી શિક્ષણતંત્રમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.



હોલિકા દહન - ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ ફાગણ સુદ-૧૫ હોળીના પર્વ તરીકે ઉજવાય છે... ઐતિહાસિક મહત્વ ધરાવતા આ પર્વનો સંદેશ દૂષણોને ડામવાનો છે... અસુરી તત્વોના દહનનો છે... અને સાત્વિક તત્વોના રક્ષણનો છે... દિવસભરની ઉપાસના બાદ મોડીસાંજે પારંપારિક મહોલમાં પ્રતિકાત્મક હોલીકાદહન આજે પણ શેરીએ શેરીએ થાય છે... ગાંધીનગર જીલ્લાના પાલજ ગામે વર્ષોથી જળવાતી પરંપરા મુજબ હોળીના અંગારા પર ચાલવાની શ્રદ્ધા હજુ પણ અકબંધ છે... પાલજની હોળીના દર્શને ગામે-ગામથી ભાવિકો ઉમટે છે... રવિવારે સાંજે હોળી પ્રાગટ્ય સમયે સેંકડો શ્રદ્ધાળુઓ પાલજ પહોંચ્યા હતા...

## પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ પરીક્ષાનું પરિણામ મંગળવારે કે તે પછી સપ્તાહમાં જ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાની પાંચ વિવિધ સંવર્ગની ૧૦૫ જગ્યાઓ માટે ફેબ્રુઆરી-૧૭માં યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાનું પરિણામ તા. ૧૫ માર્ચ પછી ગમે તે દિવસે જાહેર કરી દેવામાં આવશે.

જુનિયર ક્લાર્ક, તલાટી કમ મંત્રી, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ગ્રામસેવક સંવર્ગની ભરતી માટે આ પરીક્ષા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવી હતી.

આ પરીક્ષાના પરિણામને આખરી ઓપ આપવાની કામગીરી હાલ ગતિમાં છે અને મંગળવાર પછી ગમે તે દિવસે તે જાહેર કરવામાં આવશે. આ માટે પંચાયત સેવા પસંદગી મંડળની બેઠકમાં બહાલી લેવાની હોઈ એકાદ-બે દિવસનો વિલંબ થઈ શકે છે તેવી શક્યતાઓના નિર્દેશ મળી રહ્યા છે.

આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ૪૦ ટકાથી વધુ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા જે ઉલ્લેખનીય છે. ઓ.એમ.આર. શીટ્સની ચકાસણીની કામગીરી સંપન્ન થઈ ગઈ છે.

કેટલાક જિલ્લાઓમાં આ સ્પર્ધાત્મક પરીક્ષાઓના પરિણામો જાહેર કરી દેવામાં આવ્યાનું પણ જાણવા મળેલ છે. પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એપ્રિલમાં એક ખાસ સમારોહ યોજી નિમણુંક પત્રો પણ પસંદગી પામેલ યુવાનોને આપવા માટેનું આયોજન સચિવાલય કક્ષાએ હાથ ધરવામાં આવ્યું છે.

## આવતીકાલે વિદ્યાર્થીઓ બેઠક વ્યવસ્થાની જાણકારી મેળવી શકશે

**બાર્ડ પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ : પરીક્ષાર્થીઓને અંદર પ્રવેશ નહીં આપવામાં આવે : સવારે ૯ થી ૧ કલાક દરમિયાન નંબરો જોઇ શકશે**

ગાંધીનગર તા ૧૨

ધુળેટીના પર્વ બાદ શરૂ થનારી બોર્ડ પરીક્ષાને ધ્યાને લઈ શિક્ષણતંત્ર દ્વારા જરૂરી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જયારે બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પ્રત્યેક વર્ગ ખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. જિલ્લામાંથી ૫૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે. બાર્ડની પરીક્ષાને અનુલક્ષી આવતીકાલે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન પરીક્ષાર્થીઓ બેઠક વ્યવસ્થા અંગે જાણકારી મેળવી શકશે.

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે. પરીક્ષાના આડે હવે માત્ર ધુળેટી પર્વ જ આડુ રહયુ છે. બે દિવસ બાદ શરૂ થનારી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પરીક્ષાને ધ્યાને લઈ કન્ટ્રોલ રૂમ શરૂ કરી દેવાયો છે. જયારે વિદ્યાર્થીઓ માટેની હેલ્પલાઈન પણ કાર્યરત કરી દેવામાં આવી છે. જેમાં વિવિધ વિષયના નિષ્ણાંત શિક્ષકોને ફરજ સોંપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૫૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે. પરીક્ષા દરમિયાન શાંતિ અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. જયારે સ્થળ સંચાલકોને પણ બેઠક દરમિયાન તકેદારીને લગતી સુચના આપી દેવામાં આવી છે. પરીક્ષા સ્થળો આસપાસ ઝેરોક્ષ સેન્ટરો

● અનુસંધાન પાન-૭ પર

## પેપર ફુટવાની અફવાઓ ફેલાવનારા તત્વો પર શિક્ષણતંત્રની બાજ નજર રહેશે

**ટ્યુશનિયા શિક્ષકો પર નજર રાખવામાં આવશે : વોટસએપ પ્રશ્નપત્રો વાઇરલ કરનારા તત્વો સામે સાઇબર ક્રાઇમ મુજબ કાર્યવાહી હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૨

આગામી બુધવારથી શરૂ થનારી બોર્ડ પરીક્ષાન પેપર ફુટ્યાની અફવા ફેલાવનારા તત્વો સામે શિક્ષણતંત્ર લાલ આંખ કરશે. પેપર ફુટ્યા સહીત આઈ એમ પી જેવા મેસેજીસ વોટસએપ પર વાઈરલ થતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ઘણીવાર ગેરમાર્ગે દોરાતા હોવાનુ પણ ધ્યાને આવે છે. આવા સંજોગોમાં આવા તત્વાને ડામવા શિક્ષણતંત્ર બાજ નજર રાખશે. પેપર ફુટયાની અફવાઓ ફેલાવતા તત્વો સામે શિક્ષણતંત્ર દ્વારા આકરા પગલા લેવાશે.

વિદ્યાર્થીઓની સમગ્ર વર્ષ દરમિયાનની મહેનતનો નિચોડ બોર્ડ પરીક્ષામાં રજુ કરવાનો હોય છે. જયારે આકરી મહેનતના અંતે પરીક્ષા ટાંણે વિદ્યાર્થીઓ હતાશ ન થાય કે ગેરમાર્ગે ન દોરવાય તે માટે વાલીઓ અને શિક્ષણતંત્ર સજાગ છે. બાર્ડ પરીક્ષા દરમિયાન ઘણીવાર પેપર ફુટ્યા સહીત આઈ એમ પીની અફવાઓ વાઈરલ થતી હોય છે. જેના પરિણામે પરીક્ષાર્થીઓ ગેરમાર્ગે દોરવાતા પરીક્ષા પર માંઠી અસર પડે છે. ખોટા પ્રશ્નપત્રોની અફવાઓને અટકાવવા માટે શિક્ષણતંત્ર આકરા મુડમાં છે. શિક્ષણતંત્રએ આવા તત્વો સામે લાલ આંખ કરી છે. આઈ એમ પી અને પેપરની ભરમાર વચ્ચે ગેરમાર્ગે દોરવાતા પરીક્ષાર્થીઓને ડિસ્ટર્બ થતા અટકાવવા શિક્ષણતંત્ર દ્વારા ટ્યુશનિયા શિક્ષકો પર બાજ નજર રાખવામાં આવશે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી એસ એમ બારડે જણાંવ્યા મુજબ વિદ્યાર્થીઓ અને વાલીઓને ભરમાવતા આવા શિક્ષકો અને અસામાજિક તત્વો સામે શિક્ષણતંત્ર દ્વારા કડક પગલા લેવાશે. આ પ્રકારની હરકત બદલ પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

## આ વર્ષે વરસાદ મધ્યમ રહેશે : હોળીની જ્વાળાઓની દિશા પરથી આગાહી

ગાંધીનગર, તા. ૧૨

હોળીના પવન અંગે જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે નિરીક્ષણ બાદ જણાવ્યું હતું કે, વસંતઋતુમાં વસંત સંપાત દિન નજીક હોવા છતાં સૂર્યની ગરમી વધવી જોઈએ તે કરતાં ઉલટું એટલે કે શિયાળુ પવન વાતો હતો.



પાલનજ મુકામે હોળીના પવન અંગેનું નિરીક્ષણ કરતાં પવન ઉત્તરથી દક્ષિણ તરફ જતો હતો. પરંતુ ખૂણાનો પવન હોઈ તેમજ વર્ષા ગર્ભ અંગેના લક્ષણો જોતાં આ વખતનું ચોમાસુ જુદા જુદા ટ્રોપીકલ સ્ટોમ - પૃથક પૃથક ભાગોમાં વરસાદ થવાની શક્યતા રહેશે. શરૂઆતમાં વરસાદ આવે, વચ્ચે ખેંચાય અને પાછોતરો વરસાદ સપ્ટેમ્બર - ઓક્ટોબર તેમજ શિયાળામાં પણ રહે. ઉનાળામાં કરા પડવાની શક્યતા રહે. આ વખતનું ચોમાસુ ભૌગોલિક બાબતે જોતાં દક્ષિણ ગોળાર્ધમાં પ્રવર્તતા વાતાવરણની સ્થિતિ આફ્રિકા અને ચીનના હવમાનની અસરોનો ઘેરો પ્રભાવ પણ ભારતના ચોમાસા પર પડે અને વર્ષણ ઉપર પણ પવનનું જોર હોઈ ત્યાં વરસાદ ધસડાઈ જાય. પાકમાં રોગ જીવાતની શક્યતા રહે.

# ઉનાળુ સિઝનનું સાત હજાર હેક્ટરમાં વાવેતર

**રવિ સીઝનના ધાન્ય પાકોની આવક બજારોમાં એકાદ સપ્તાહમાં શરૂ થશે**



શહેરમાં ધમધમાટમાં હોળીનું સ્થાન યથાવત - બદલાતી જીવન શૈલી અને ભૌતિક સુખ-સુવિધાઓમાં તરબતર બનતા જીવનમાં પણ પારંપારિક પર્વોની ભૂમિકા હજુ પણ અકબંધ વર્તાય છે... શહેરના ધમાલીયા જીવનમાં પણ થોડોક સમય બચાવીને સહપરિવાર હોળીના દર્શને જવાની પરંપરા જળવાય છે... પાટનગરના સેક્ટરોમાં ચોકઠે-ચોકઠે હોલિકાદહના પ્રતિકાત્મક ઉજવણી કરાઈ હતી....

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતરની મોસમ ધીમી ગતિએ આગળ ધપી રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૦૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે. તો બીજી તરફ ખેતરોમાં તૈયાર થઈ ગયેલા ધાન્ય પાકોની આગામી સપ્તાહથી બજારમાં નવી આવક પણ શરૂ થશે.

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતર ૪૫ હજાર હેક્ટર વિસ્તારમાં થવાના પ્રાથમિક અંદાજો વચ્ચે અત્યાર સુધીમાં ૭૦૦૦ હેક્ટરમાં વાવેતર થયુ છે. જેમાં ઉનાળુ બાજરીનું વાવેતર ૨૩૩૯ હેક્ટરમાં, મગનું વાવેતર ૭૦ હેક્ટરમાં, જુવાર ઘાસચારા ૩૫૧૮ હેક્ટર, શાકભાજીનું ૮૭૦ હેક્ટરમાં વાવેતર થયુ છે.

મગફળીના વાવેતરમાં ઉત્પાદન સારૂ નોંધાતા ખેડૂતો વધુ ઉત્સાહિત બન્યા છે. આ સિઝનમાં પણ બે હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થવાના અંદાજો છે.

કૃષિક્ષેત્રે આ વખતે કઠોળના પાકનું પણ વાવેતર સારૂ થશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે હજુ મગનું વાવેતર થયુ છે અને તે પણ ઓછુ છે તે પણ આગામી દિવસોમાં તે વધશે.

કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઘઉં અને અન્ય ધાન્ય પાકોની કાપણીની કામગીરી હાલ શરૂ થઈ છે અને આગામી એકાદ સપ્તાહમાં આ નવી આવકનો દોર શરૂ થઈ જશે. આ વખતે ઘઉંનું વાવેતર સારૂ થયુ હતુ અને ઉત્પાદન પણ સારૂ મળશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત અન્ય પાકોની પણ સારા ઉત્પાદનની આશા રાખવામાં આવી રહી છે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફ્લેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

જગ્યા ભાડે આપવાની છે
ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com